**FIR મુજબ આ કાવતરામાં કુલ નવ આરોપીઓ સામેલ છે**

# શિનોર હની ટ્રેપ કેસમાં મુખ્ય આરોપી આશિક પઠાણને 27 ફેબ્રુઆરી સુધી રિમાન્ડ મંજૂર

**પોલીસે હજુ ઉંડી તપાસ કરશે તો સમગ્ર રકમ રિકવર થવાની પૂરી શક્યતા**



(પ્રતિનિધિ) શિનોર,તા.21
શિનોરના 66 વર્ષીય સિનિયર સિટિઝનને કાવતરામાં ફસા ચકચારી હની ટ્રેપ કેસમાં ફરિયાદી હરેશ પટેલ દ્વારા તા. 6 ફેબ્રુઆરી 2026ના રોજ ગુનો નોંધાવ્યા બાદ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. ભાદરકા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પહેલા બે આરોપીઓને ઝડપી તેમના રિમાન્ડ પૂર્ણ થયા બાદ કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા, તેમજ તેમની પાસેથી રૂ. 4,18,000 નો મુદ્દામાલ કબજે કરાયો હતો. કેસમાં તમામ નાણાંકીય વ્યવહાર કરનાર ત્રીજો મુખ્ય આરોપી આશિક સિકંદર પઠાણ દવા પી લીધા બાદ દવાખાને દાખલ થયો હતો, જ્યાંથી તેને ઝડપી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. FIR મુજબ આ કાવતરામાં કુલ નવ આરોપીઓ સામેલ છે, જેમાં મનીષા ઉર્ફે શાંતા ભુરા વસાવા (રાજપારડી), આશિક પઠાણ (શિનોર), અનવર મન્સૂરી, સલીમ ઉર્ફે બતક, મનીષાનો પતિ, તેનો બનેવી, તેની માતા, બહેનપણી અને એક અજાણ્યો વ્યક્તિ સામેલ છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે રૂ. 75 લાખથી વધુની રકમનો મુખ્ય વહીવટ આશિક પઠાણ દ્વારા કરવામાં આવ્યો હતો. રિમાન્ડ દરમિયાન બાકીના છ આરોપીઓ પણ ઝડપાશે તેવી શક્યતા છે. ફરિયાદી દ્વારા આશિકના પુત્ર અશફાકને ગૂગલ પે મારફતે રકમ ચુકવવામાં આવી હોવાની, આશિકના ભાઈ અહેમદને બેંક મારફતે રૂ. 8 લાખ આપ્યા હોવાની તથા માલસર-માંડવા વચ્ચે મહારાજનું મકાન તેમજ આશિકની અલ્ટો કાર આ ગુનામાં ઉપયોગમાં લેવાઈ હોવાની વિગતો પણ સામે આવી છે. પોલીસ માને છે કે ઈન્ચાર્જ પીઆઈ ધનાભાઈ રણમલભાઈ ભાદરકા સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતાથી તપાસ કરશે તો સમગ્ર રકમ રિકવર થવાની પૂરી શક્યતા છે. અગાઉના પીઆઈ બી.એન. ગોહિલ દ્વારા પણ સેગવા અને શિનોરમાં થયેલા હની ટ્રેપ કેસોમાં મોટી રકમ સફળતાપૂર્વક રિકવર કરવામાં આવી હતી. રિમાન્ડ દરમિયાન આશિક પઠાણે જેમને ઉછીના રૂપે રકમ આપી છે તેવા બેન્ડવાળા સહિત અન્ય લોકોના નામો પણ બહાર આવવાની સંભાવના છે. શિનોર સહિત સમગ્ર જિલ્લામાં આ કેસ ભારે ચર્ચાનો વિષય બન્યો છે અને પોલીસ માટે પણ મોટો પડકારરૂપ સાબિત થયો છે.

**ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડનુ આયોજન**

# કવાંટ તાલુકાના ભૂમસવાડા અને બેડીયા કલસ્ટરમાં પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઈ

**કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા**



(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.21
ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને જબુગામ કોલેજ ઓફ એગ્રિકલ્ચર દ્વારા છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ભૂમાસવાડા અને બેડીયા કલસ્ટરમાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર જાણકારી આપી પ્રાકૃતિક કૃષિ તરફ વળવા માટે ખેડૂતોને પ્રેરિત કર્યા હતા.

આ તાલીમમાં NMNF, GPKVB અને ATMA હેઠળ આવતી યોજનાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. નવા ખેડૂતો જોડવા માટે વૈજ્ઞાનિક અને અસરકારક પદ્ધતિઓ, રસાયણિક ખેતીની સમસ્યાઓ અને પ્રાકૃતિક ખેતીના લાભોની સમજૂતી આપવામાં આવી હતી. આ તાલીમમાં કોલેજ ઓફ એગ્રિકલ્ચર-જબુગામ (ખેડૂત તાલીમ કેન્દ્ર જબુગામ) નો સ્ટાફ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડનો સ્ટાફ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને વિશેષ માર્ગદર્શન તેમજ માહિતી મેળવી હતી.

# પાદરાના ધોરીકુઈ પાલખીપુરામાં પાઈપ-લાકડીથી હુમલો: 4 સામે ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા.21
ધોરીકુઈ પાલખીપુરામાં પાઈપ-લાકડીથી હુમલો: ચાર સામે પાદરા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. જેમાં બનાવની વધુ વિગત પ્રમાણે પાદરા તાલુકાના ધોરીકુઈ પાલખીપુરા ગામે જૂની બાબતને લઈ થયેલી બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે

ફરિયાદી રાજુભાઈ ભીખાભાઈ માળી (ઉ.વ.૬૫), રહે. ધોરીકુઈ પાલખીપુરા દ્વારા નોંધાવેલી ફરીયાદ મુજબ સંતોષભાઈ ખોડાભાઈ માળી, રાહુલભાઈ ખોડાભાઈ માળી, વિક્રમભાઈ નરેશભાઈ માળી અને નરેશભાઈ જશભાઈ માળી ફરીયાદી પાસે આવી અગાઉની બાબતે ઉશ્કેરાઈ બોલાચાલી કરી હતી. દરમિયાન આરોપી નં.૧ સંતોષભાઈએ ત્યાં પડેલી લોખંડની પાઈપ વડે ફરીયાદી રાજુભાઈને ફટકા મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપી નં.૨ રાહુલભાઈએ લાકડી વડે કરણભાઈ રાજુભાઈ માળીને બરડાના ભાગે ફટકા મારી ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ જતા જતા ફરીયાદીને "બે દિવસમાં જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. બનાવ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

# મોભા બસ સ્ટેન્ડ પાસે અકસ્માતમાં એકટીવા ચાલકનું મોત

પાદરા : પાદરા તાલુકાના મોભા ગામે બસ સ્ટેન્ડ નજીક ગત સાંજે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં મેલાભાઈ ચીમનભાઈ માળી (રહે. સંજયનગર સોસાયટી, લતીપુરા રોડ, પાદરા) તા.૨૦/૦૨/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬ વાગ્યે પોતાની એકટીવા લઈ મોભા ગામ બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન ગફલતભરી અને બેફામ રીતે વાહન હંકારી આવતા તેઓ આગળ ચાલી રહેલી એસ.ટી. બસ ના પાછળના ભાગે ધડાકાભેર અથડાયા હતા. અકસ્મતમાં એકટીવા બસના પાછળના વ્હીલના ટાયરમાં ફસાઈ જતા ચાલકનું માથું વ્હીલ નીચે આવી જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું.

# પાદરા ખાતે કિશોરીએ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.21
પાદરા તાલુકાના દાજીપુરા ગામે મનદુઃખના કારણે કિશોરીએ ઝેરી દવા પી લેતા તેનું સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું હોવાની ઘટના સામે આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બનાવ તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ બપોરે દાજીપુરા પહેલું ફળીયું, જાસપુર વિસ્તારમાં બન્યો હતો. આ બાબતે કિશનકુમાર અરવિંદભાઈ ગોહીલ (ઉ.વ.૨૨), રહે. દાજીપુરા પહેલું ફળીયું, જાસપુર ના જણાવ્યા મુજબ, તેની બહેન જાનવી અરવિંદભાઈ શનાભાઈ ગોહીલ (ઉ.વ.૧૬ વર્ષ ૦૪ માસ) ગત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ બપોરે આશરે બારેક વાગ્યે કોઈને કહ્યા વિના ફળીયામાં જવા નીકળી હતી. આ બાબતે મોટાભાઈએ ઠપકો આપતા મનમાં લાગી આવતા કિશોરીએ ઘરે રાખેલી ઘાસચારો બાળવાની ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનો દ્વારા તાત્કાલિક પાદરા સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા સ્થિત એસ.એસ.જી. હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ અંગે પાદરા પોલીસ દ્વારા જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**દાહોદ જિલ્લામાં આકસ્મિક મોતના બનેલા ત્રણ બનાવો**

# જુદાજુદા ત્રણ ગખમ્વાર બનાવમાં એક આધેડ અને ત્રણ મહિલાઓના મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
દાહોદ જિલ્લામાં આકસ્મિક મોતના બનેલા ત્રણ બનાવોમાં આકસ્મિક મોતના જુદી જુદી જગ્યાએ બનેલા ત્રણ બનાવમાં ૫૨ વર્ષીય આધેડ અટાણે મોત નીપજ્યાનું જાણવા મળેલ છે મહિલા સહિત ત્રણ મહિલાઓના મોત થયું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં બનેલા આકસ્મિક મોતના ત્રણ બનાવો પૈકીનો એક જંબુસર ગામે બનવા પામ્યો હતો. બનાવ દેવગઢબારિયા તાલુકાના જેમાં જંબુસર ગામે હાઈસ્કૂલ ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય વનીતાબેન જશવંતભાઈ દેવાભાઈ સાજ ના સમય થી બીજે દિવસે સવારના પાંચ વગ્યા દરમ્યાન ગત રાત્રિના સાડા આઠ વાગ્યા સુધીના સમયગાળામાં કોઈ અગમ્યકારણોસર પોતાના રહેણાંક ઘરના અંદરના રૂમમાં જોતરી ઉપર ફાંસો ખાઈ જીવતર ટૂંકાવી લીધું હતું. આ દોરડું બાંધી દોરડા વડે ગળે ફાંસો ના બનાવ સંબંધે દેવગઢબારિયા તાલુકાના આકલી ગામે ખેડા ફળિયામાં જલારામ મંદિર પાસે રહેતા ૫૨ બારીયાએ દેવગઢબારિયા પોલીસ બારીયા પોલીસ લેખિત જાણ કરતા ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મરણજનાર વનીતાબેન બારીયાની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે દેવગઢબારિયા સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં આકસ્મિક મોતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના ૨ઈ ગામે સુધાર ફળિયામાં ગઈકાલે બપોરના ત્રણ વાગ્યા સુધીના સમય ગાળામાં વાગ્યાસુતિ અભિય બનવા હતો. જેમાં સુથાર ફળિયામાં રહેતા ૨૫વર્ષીય અજયભાઈ બળવંતસિંહ ઉડણીયાની બહેન ૨૧ વર્ષીય ક્રિષ્નાબેન બળવંતસિંહ રૂપાભાઈ ઉડણીયાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી ઝેરના પારખા કરી લેતા થોડીવારમાં જ ઝેરી દવાનું ઝેર આખા શરીરમાં પ્રસરી જતા તેનું મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર ક્રિષ્નાબેન ઉડણીયા ના મોટાભાઈ અજયભાઈ બળવંતસિંહ ઉંડણીયાએ લીમખેડા પોલીસ ને જાણ કરતા લીમખેડા પોલીસે આ સંદર્ભે સ્ટેશનમાં લેખિત જાણ કરતા અકસ્માત મોતના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે આકસ્મિક મોતનો ત્રીજો ગામે નિશાળની બાજુમાં ગઈકાલે બનાવ લીમખેડા તાલુકાના પાડોળા બપોરના અઢી વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં મરણ જનાર ચેડિયા ગામના ગણાવા ફળિયામાં ગણાવા ફળિયામાં રહેતી ૨૦વર્ષીય વનિતાબેન કસનાભાઈ ભુરીયાએ ઘરેથી ફોન કરી રતનભાઈને જણાવ્યું હતું કે તમે મને જવા આવડિય ગામના કહ્યાભાઈ બચુભાઈ ભુરીયા તથા તેના ભાઈ પાડોળા ગામે ગયા હતા અને વનીતાબેનને પેટમાં સખત દુઃખાવો થતો હોવાનું જાણવા મળતા તેઓએ ૧૦૮ ઈમરજન્સી વાન બોલાવી તેમાં બેસાડી વનીતાબેનને સારવાર માટે લીમખેડા સરકારી દવાખાને લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યું હતું. આ સંબંધે ચેડિયા ગામના ગણાવા ફળિયામાં રહેતા કસનાભાઈ બચુભાઈ ભુરીયાએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા લીમખેડા પોલીસે આ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ તપાસ હાથ ધરી છે.

**એનિમિયા મુક્ત સમાજ માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ**

# વડોદરા જિલ્લામાં 'વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે' ની ઉજવણી કરવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.21
વડોદરા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા "વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે" ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. એનિમિયા એટલે કે લોહીની ઉણપ એ વર્તમાન સમયમાં જાહેર આરોગ્ય માટે એક અત્યંત પડકારજનક સમસ્યા છે, જેની ગંભીરતાને ધ્યાને રાખી જિલ્લાભરમાં જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ રોગ માત્ર બાળકો, સગર્ભા બહેનો કે ધાત્રી માતાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દરેક વયજૂથની વ્યક્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરે છે. ખાસ કરીને કિશોરીઓમાં લોહીની ઉણપને કારણે તેમની કાર્યક્ષમતામાં ઘટાડો જોવા મળે છે. આ કિશોરીઓ ભવિષ્યની જનની હોવાથી, જો તેમનામાં હિમોગ્લોબીનની ઉણપ હોય તો તેની સીધી અસર અવતરનાર બાળક અને સમગ્ર સમાજના સર્વાંગી વિકાસ પર પડી શકે છે.

આ અંગે જાગૃતિ લાવવા તા. ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ 'વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે'ના ઉપલક્ષમાં જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબ સેન્ટર કક્ષાએથી હિમોગ્લોબીનની તપાસ, સારવાર અને ફોલોઅપની કામગીરી કરવામાં આવી હતી. આ સાથે જ નાગરિકોને પોષણયુક્ત આહાર, એનિમિયા નિવારણના ઉપાયો તેમજ આયર્ન ફોલિક એસિડ ટેબ્લેટના સેવનથી થતા ફાયદાઓ વિશે સામુહિક પરામર્શ કરવામાં આવ્યું હતું.

# વાણિજ્ય ભવન, રેસકોર્સ, વડોદરા ખાતે CGCTC દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષયક સેમિનાર

વડોદરા: Central Gujarat Chamber of Tax Consultants દ્વારા તા. 25/02/2026, બુધવારે વાણિજ્ય ભવન, રેસકોર્સ, વડોદરા - 390007 ખાતે "આર્ટિફિશિયલ ઈન્ટેલિજિજન્સ" વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવશે. આ સેમિનારમાં ચેમ્બરનાં સભ્યો તથા તેમના સ્ટાફ સભ્યો હાજરી આપશે. અમદાવાદના પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી શ્રિધર શાહ ટેક્સ પ્રેક્ટિસ અને ડેટા ઓટોમેશનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રાયોગિક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપશે. વડોદરાના વક્તા વરુણ અમીન Tally Accountingમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આધુનિક ટેક્નોલોજીનો કેવી રીતે અસરકારક ઉપયોગ કરી શકાય તે વિષય પર વિગતવાર સમજણ આપશે. આ પ્રસંગે ચેમ્બરનાં પ્રમુખ એડવોકેટ દિપકભાઈ અમીન તથા Secretary શ્રી ધર્મેશભાઈ ગાંધી જણાવશે કે વર્તમાન સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજી ક્ષેત્રે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે તે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ સેમિનારનો મુખ્ય હેતુ ટેક્સ પ્રોફેશનલ્સને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષયક આધુનિક જાણકારીથી અપડેટ અને અપગ્રેડ કરવો તેમજ Taxation અને Accounting ક્ષેત્રે નવી ટેક્નોલોજીનો અસરકારક અને વ્યવહારુ ઉપયોગ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવાનો છે,


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**Dinesh Tours**
N Travels આરામદાયક હોટલ, સુરતી ભોજન, અનુભવી ટુર મેનેજર સહિત નું આયોજન... @ કેરલા- રામેશ્વરમ- મદુરાઈ- કન્યાકુમારી. દિ. ૧૦ @ બદ્રીનાથ- કેદારનાથ- ગંગોત્રી- યમનોત્રી. દિ ૧૩ @ દાર્જીલિંગ- લાચુંગ- પેલિંગ- ગંગટોક. દિ- ૯ વધુ માહિતી માટે સંપર્ક કરો:- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**ચારધામ યાત્રા.**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

**JOY N JOY TRAVELS.**
(રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડિનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. તારીખ 15 મે/ 22 મેં. દિવસ- 8) (ચારધામ યાત્રા પેકેજ દિવસ- 12) જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723.

**પવિત્ર કૈલાશ**
માનસરોવર યાત્રા ૨૦૨૬ તિબેટીયન મહાકુંભ- Horse Year દક્ષિણ ગુજરાત કૈલાશ માનસરોવર યાત્રી મંડળ, સુરત દ્વારા આયોજીત છેલ્લા 37 વર્ષથી કાર્યરત સંસ્થા. 25 વર્ષથી યાત્રાનો સફળ અને સુખદ અનુભવ. સુરતથી સુરત પ્લેન દ્વારા સુઆયોજન સાથે, વાયા નેપાળ દિવસ- 13, પ્રથમ બેચ 28 મે (ફુલ), બીજો બેચ 20 જુન, ત્રીજો બેચ 12 જુલાઈ ચોથો બેચ 20 ઓગષ્ટ (કાઠમંડુથી બસ દ્વારા) પાસપોર્ટ જરૂરી. ભાગ્યશાળી યાત્રી સંપર્ક કરેં પી. ભરતભાઈ- 9879558244, પૂર્વિ ગજ્જર- 9712634105 રાવળ- 9375975293

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીંગ Mo:- 9427803273/ 9825142005 (812)

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી

નોકરી વિષયક

**અડાજણ**
બેટરીના શોરૂમમાં ફીમેલ સ્ટાફ (કોમ્પ્યુટર ઓપરેટર બિલિંગ માટે) જોઈએ છે. 8866015917 (848)

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

**ભાડે આપવાની છે**
M.N.C, કોર્પોરેટ ઓફિસ, ઈન્સ્યુરન્સ કંપની, જીમ, ડોક્ટર કન્સલટન્સી, સર્વિસ સેન્ટર વગેરેને લાયક ઓફિસ લોંગ લીઝ પર આપવાની છે
2100 SQFT INTERNATIONAL WEALTH CENTER VIP ROAD, VESU
9512917163

**જોઈએ છે**
લેબોરેટરીનાં કામ માટે સિવિલ એન્જિનિયર- 01 (ડિપ્લોમાં તથા ડિગ્રી) અને ટેક્નિશ્યન- 01 (12- પાસ) ઉધના સુરત. Mo- 9033588489

**જોઈએ છે**
આયાબેન ઘોડિયાઘર માટે અડાજણ, સુરત. 7046551122

**હાર્ડવેર ની હોલસેલ**
શોપ માં કામ કરવા માટે અનુભવી માણસ અને વર્કિંગ પાર્ટનર ની જરૂર છે 9898063315

**શિવ પ્રોપર્ટી**
નવા બાંધકામવાળા મકાન વેચાણથી આપવાના છે.
ગ્રાઉન્ડ + બે માળ, જહાંગીરાબાદ, વણકલા રોડ
20 x 46 = 102 વાર
20 x 49 = 108 વાર
20 x 57 = 126 વાર
20 x 50 = 111 વાર
24 x 34 = 90 વાર
20 x 46 = 102 વાર
14 x 45 = 70 વાર
M.:9726017002
M.:9925830012

**નવી ફાસ્ટ ફૂડ ફેક્ટરી**
માટે મેનેજર જોઈએ છે સ્માર્ટ અને મહેનતુ યંગ લેડી, સેલેરીમાં સારું પેકેજ + કમિશન. પોતાનું ટુ વ્હીલર હોવું જરૂરી. (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી જાણકાર) સિટીલાઈટ વિસ્તારમાં, (નોંધ: વિડિઓ કોલ ઈન્ટરવ્યુ) પ્રકાશભાઈ 9374739344

**હાર્ડવેર ની**
ચાલુ દુકાન આપવા અથવા લેવા માટે સંપર્ક કરો 9898063315

**અલથાણ**
પ્રીસ્કુલ માં ટીચર્સ જોઈએ છે. (M) 9023056617

**ચશ્માના હોલસેલ**
માર્કેટીંગ માટે સ્ટાફ જોઈએ, પાલ અને દિલ્હીગેટ, પાગર (10,000થી 12,000 ) 9033557641, 9428394318

**ડ્રાઈવર જોઈએ છે**
૬- શ્રી દર્શન સોસાયટી ઘોડદોડ રોડ રામચોક ૯૩૨૮૫-૮૫૦૩૫, ૯૮૨૫૩-૯૩૧૯૧ (851)

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

**અડાજણ હનીપાર્ક**
પાસે નવું રોહાઉસ વેચાણમાં આપવાનું છે (દલાલ માફ) 9662140043 (845)

**અડાજણમાં**
જમનાદાસ ઘારીવાળાની સામેની ગલીમાં જુનું રોહાઉસ કોર્નરનું આપવાનું છે 165 વાર 1.20 CR (દલાલ માફ) 9662140043 (846)

**પ્લોટ વેચવાનો છે.**
ઈન્દ્રપ્રસ્થ બંગ્લોઝ, બ્રેડલાઈનર સર્કલ- સોહમ સર્કલરોડ, અલથાણમાં પ્લોટ No. 24, 260 વાર, કોર્નરનો પ્લોટ વેચવાનો છે. 9426119008, 9904139666.

**મિલકત વેચવાની છે**
વેડરોડ કતારગામ વિસ્તારમાં વિરામનગર સોસાયટી મોં:- 9426862069

**ન્યુ ડીમાર્ટ**
જહાંગીરાબાદ માં 2 BHK ફ્લેટ વેચાણથી જોઈએ છે. 9898685968 (847)

લગ્ન વિષયક

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે. સમકક્ષ પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*